# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Shahind Diwas

શહીદ દિવસ નિમિત્તે આજે રાજ્યભરમાં સવારે 11.00 થી 11.02 સુધી મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ગાંધીનગરમાં સચિવાલય ખાતે કર્મયોગીઓ દ્વારા શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ  હતી

ડાંગ જિલ્લાનાં અમારા પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે, વહીવટી તંત્રએ જિલ્લા સેવા સદન ખાતે બે મિનિટનું મૌન પાળી, શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ડાંગ જિલ્લા પંચાયત ખાતે વિવિધ શાખા અધિકારીઓ અને પંચાયતકર્મીઓ, ઉપરાંત સુબિર અને વઘઇ મથકે તાલુકા સેવા સદન ખાતે વરિષ્ઠ અધિકારી, કર્મચારીઓએ સાયરનના ધ્વનિ સાથે બે મિનિટનું મૌન પાળ્યું હતું. પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટરો, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા ગાંધી વિચારોને અનુસરતા નાગરિકોએ બે મિનિટ મૌન પાળીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

ભાવનગરના અમારા પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ભાવનગર જિલ્લાની કચેરીઓમાં સાયરન વગાડીને બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# BANASKANTHA VIKAS PLAN

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના વિકાસ માટે સરકાર દ્વારા એક હજાર 200 કરોડ રૂપિયાના વિકાસ પરિયોજનાને મંજૂરી અપાઈ છે. તેના ભાગરૂપે સરકારી જમીન પર આવતા દબાણ દૂર કરાયા હોવાનું જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું.

(બાઈટઃ મિહિર પટેલ, કલેક્ટર, બનાસકાંઠા)

. . . . . . . . . . . . .

# UNION MINISTER JITENDRA SINGH

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, "સુશાસન સંબંધિત ચર્ચા કરવા માટે ગુજરાત સિવાય અન્ય કોઈ ઉત્તમ સ્થાન નથી." ગાંધીનગરમાં ગુડ ગવર્નન્સ પર 2 દિવસની રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ કરાવતાં શ્રી સિંહે આ મુજબ જણાવ્યું હતું.

આ પહેલાં સુશાસન અંગેની રાષ્ટ્રીય પરિસદ અંગે કેન્દ્ર સરકારના D.A.R.P.G.ના સચિવ વી. શ્રીનિવાસને પત્રકાર પરિસદમાં જણાવ્યું કે, આ વર્ષની પહેલી રાષ્ટ્રીય પરિસદમાં દેશના તમામ રાજ્યમાંથી 100થી વધુ અધિકારી ભાગ લઈ રહ્યા છે. દરમિયાન આગામી 2 દિવસ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સ્વાગત કાર્યક્રમ અને સુશાસનને સરળ કરવા સમયસર કાર્ય અંગે ચર્ચા કરાશે. વર્ષ 2014થી અત્યાર સુધી આવી 28 પરિસદ યોજાઈ ગઈ છે. શ્રી શ્રીનિવાસને ઉમેર્યું, રાજ્ય સરકાર જાહેર વહીવટી ક્ષેત્રે સારું કામ કરી રહી છે અને તે બદલ અનેક પુરસ્કાર પણ મેળવ્યા છે.

. . . . . . . . . . . . .

# NARMADA RAKTPITT JAGRUTI

નર્મદાનાં  નાંદોદનાં ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં ગાંધી નિર્વાણ દિવસ નિમિત્તે આજથી  જિલ્લા  'સ્પર્શ'  રક્તપિત્ત જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ થયો. 13  ફેબ્રુઆરી સુધી યોજાનારા અભિયાન અંગે શ્રીમતી દેશમુખે કહ્યું, "રક્તપિત્તથી  પીડાતા લોકોને સમાજમાં સમાન સ્થાન મળે તે માટે સમાજના લોકોને આ અભિયાન દ્વારા સંદેશ અપાય છે."

વહેલા  નિદાન, નિયમિત અને પૂરતી સારવાર થકી રક્તપિત્ત મટી શકે છે તેમ જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીએ જણાવ્યું હતું.

**(બાઈટઃ એસ. કે. મોદી, જિલ્લા કલેક્ટર, નર્મદા)**

આ તરફ મહેસાણા જિલ્લામાં પણ આજથી આ જાગૃતિ અભિયાન શરૂ થયું છે.

. . . . . . . . . . . . .

# KUMBAH MEHSANA DEATH

મહેસાણા જિલ્લાના કડા ગામના વતની અને હાલ સુરત ખાતે રહેતા 64 વર્ષનાં મહેશ પટેલનું પ્રયાગરાજનાં મહાકુંભમાં અવસાન થયું છે. સમાજના લોકો સાથે યાત્રા પર ગયેલા મહેશ પટેલનું મૃત્યુ હૃદયરોગનાં હુમલાથી થયું હોવાનું મનાય છે. એમ્બ્યુલન્સમાં તેમના મૃતદેહને તેમના વતન કડા ગામ ખાતે લવાશે.

. . . . . . . . . . . . .

# TRP GAMEZONE JAMIN

રાજકોટમાં આવેલા T.R.P. ગેમઝોન દુર્ઘટના મામલે આજે ગુજરાત વડી અદાલતમાં સુનાવણી હાથ ધરાઈ હતી. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આ દુર્ઘટનામાં 27 જેટલા લોકોના મોત નીપજ્યા હતા. આ કેસમાં 15 જેટલા આરોપીઓ પૈકી સાત આરોપીએ કરેલી અરજી અંગે વડી અદાલતે ચુકાદો જાહેર કરતાં સાતમાંથી ત્રણ આરોપીના જામીન મંજૂર અને ચાર આરોપીના જામીન નામંજૂર કર્યા છે.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફાર થવાની સંભાવના નહીંવત્ છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આ દિવસો દરમિયાન રાજ્યભરમાં વાતાવરણ શુષ્ક રહેશે. હાલમાં રાજ્યમાં સૌથી ઓછું 12 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન જુનાગઢના કેશોદ અને બનાસકાંઠાના ડીસામાં નોંધાયું છે. જ્યારે ભાવનગરના મહુવા અને ગાંધીનગરમાં 14 ડિગ્રી સેલ્સિયસ, તેમજ કચ્છના નલિયા, કંડલા બંદર, અમરેલી અને રાજકોટ જિલ્લામાં 15 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે.

દેવભૂમિદ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, જિલ્લામાં સવારથી જ વાતાવરણમાં ફેરફાર થતાં ખેડૂતોની ચિંતા વધી છે. જો વરસાદ થશે તો ચણા, જીરું, ઘઉં, ધાણા સહિતના પાકને નુકસાન થવાની ભીતિ છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................